



## કપિલેશ્વર મહાદેવ મંદિરમાં પરંપરાગત લોકમેળો યોજાયો : હજારો શ્રદ્ધાળુઓ મેળામાં ઉમટ્યા

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે સ્થિત પ્રાચીન મંદિર કપિલેશ્વર મહાદેવ મંદિરે પરંપરાગત લોકમેળો યોજાયો હતો. કલોલ શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓના ટોળે ટોળા મેળામાં ઉમટ્યા હતા. ભારે શ્રદ્ધા સાથે શ્રાવણના છેલ્લા દિવસે કપિલેશ્વર મહાદેવ મંદિરના મેળામાં ભાવિકોના આગમન પાછળ એક દંતકથા પણ જોડાયેલી છે. દંતકથા મુજબ કપિલેશ્વર મહાદેવ મંદિર વિસ્તાર પહેલા જંગલ વિસ્તાર હતો.જ્યાં ગોવાળો પશુઓ ચરાવવા નિકળતા હતા. જય ગોપાલ નામનો શિવભક્ત પશુઓ ચરાવવા આ વિસ્તારમાં આવતો હતો. દર વખતે તેની ગાયો પૈકીની કપિલા નામની એક ગાય એક ચોક્કસ જગ્યાએ ઉભી રહી જતી અને આપોઆપ તેના આંચણોથી દૂધની ધારાઓ વહેતી હતી. આશ્ચર્યમાં મુકાયેલા ગોવાળને એક રાત્રે દિવ્ય સ્વપ્ન આવ્યું કે જેમાં ભગવાને તેને તે જગ્યાને ખોદવાની પ્રેરણા આપી હતી. ખોદકામ બાદ આ સ્થળેથી એક દિવ્ય પ્રતિમા (લિંગ)નું પ્રાગટ્ય થયું હતું. આ અલૌકિક શિવલીંગ વાળી જગ્યા એટલે હાલનું કપિલેશ્વર મહાદેવનું મંદિર. પ્રાચીન કપિલેશ્વર મંદિરે વર્ષોથી પરંપરાગત રીતે શ્રાવણ માસના અંતિમ દિવસે લોકમેળાનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. આજે પણ યોજાયેલા આ લોકમેળામાં હજારો ભાવુકો ભારે ઉત્માદ સાથે ટોળામાં હાજર રહ્યા હતા. (તસવીર : વિપુલ ચૌહાણ)

# કલોલ - ઉત્તર ગુજરાતનું પ્રવેશદ્વાર

ગાંધીનગર, તા. ૧૭

કલોલ ઉત્તરગુજરાતનું પ્રવેશ દ્વાર છે. કલોલએ ઉત્તરગુજરાતનું વેપાર ધંધામાં મોખરું સ્થાન ધરાવતું શહેર છે. કલોલએ ઐતિહાસિક અને ગાયકવાડ વખતનું આગવું સ્થાન ધરાવતું શહેર છે.

કલોલનો જૂનો ઈતિહાસ તો ખૂબ જ જુદી જુદી રીતે આલેખાયેલો છે. અમદાવાદને ગાંધીનગરથી ૨૫ કિ.મી.ના અંતરે આવેલું શહેર છે. ૨૩૧૫ ઉત્તર અક્ષાંસ અને ૭૨.૨૩ પૂર્વ રેખાંશની વચ્ચે આવેલું છે. કલોલ તાલુકાને પશ્ચિમ વિસ્તારમાં ખાબરીયા ટપ્પા તરીકે એટલે નપાણિયો વિસ્તાર છે. પૂર્વનો વિસ્તાર ખેતી વાડીના લીધે પિયત વિસ્તાર છે. કલોલએ ગાંધીજીની સ્વાતંત્ર્ય ચળવળ સાથે સંકળાયેલું નગર છે.અમદાવાદના માચેસ્ટકની ગણત્રી વખતે કલોલની ચાર મિલોએ કલોલને તાલુકાની આર્થિક જીવાદોરી હતી. કેલિકોમિલા ભારત વિજય મીલ, મહેન્દ્ર મીલ, નવજીવન મીલ, આ મીલના લીધે કલોલ ધબકતું નગર બન્યું હતું. ગાંધીજી- સરદારની ટગેલથી સ્વતંત્રતામાં આગળ પડતું શહેર હતું. કલોલ થી દિલ્હી રેલ્વે લાઈન પરના અંગ્રેજ સલ્તનતને હંફાવીને સઈજ-શેરથામાં અંગ્રેજ સૈનિકોને મારીને આઝાદીની લડતનો ફાળો છે. કલોલ તાલુકાના સ્વાતંત્ર્ય સેનાની અને નારદીપુરના વતની નટવરલાલ પંડિતની આગેવાની નીચે કલોલ તાલુકો સ્વાતંત્ર લડતમાં અગ્રેસર બન્યો હતો.

કલોલમા ચાલ મીલોથી કલોલમાં આર્થિક જીવાદોરી મુજબ ન બનતા સોસાયટીઓ બનવા લાગી હતી. શૈક્ષણિક રીતે વખારીયા હાઈસ્કુલ, ભારત શાંતિનિકેતન કલોલ, કલોલ સાયન્સ, કોમર્સ કોલેજ, આઈ.ટી.આઈની શૈક્ષણિક સવલતો વધી હતી.

કલોલનો વાહન વ્યવહાર રેલ્વેને એસ.ટી.થી સમગ્ર તાલુકો, ઉત્તર ગુજરાત અને અમદાવાદ સુધી મિલકામદારોને લીધે ચોવીસ કલાક ચાલતો હતો. કલોલ ડેપોમાં રાત્રે ૦.૪૫મી એકી સાથે ૨૦ જેટલી મિલકામદારો માટેની બસો ઉપડતી તે ઐતિહાસિક ઘટના હતી. પરંતુ આજે કલોલમાં જીવાદોરી આર્થિક રીતે મીલો બંધ થઈ ગયેલ છે. ગામડાઓની જમીનો ઉદ્યોગો, જી.આઈ.ડી.સી.એ., હાઈવે રસ્તાઓમાં સમય જતાં સમાવેશ થઈ ગયો છે. કલોલ હવે અમદાવાદ શહેરની લીંક સીટી કે પરા વિસ્તારનો એક ભાગ બનવા જઈ રહ્યો છે. કલોલ નજીક ગામડાઓ ઔડાને અમદાવાદ નજીક સરકી રહ્યા છે. આમ છતાં કલોલના વિકાસમાં ઈફકો, છત્રાલની જી.આઈ.ડી.સી., ઓન.જી.સી.ની કામગીરી લીધે કલોલનો વિકાસમાં હજુ મહત્વનું યોગદાન છે.

કલોલમાં રોટરીકલબની સેવાઓ પ્રશંસા પાત્ર છે. તથા અન્ય સામાજિક સંસ્થાઓ સેવા નોંધપાત્ર છે.

કલોલનો વિકાસમાં બાબુભાઈ મૂળજીભાઈ, જાણીતા ઍડવોકૅટ નંદલાલ બારોટ તથા વલીભાઈ, લતીફભાઈની સેવા ભૂલાય તેમ નથી.

કલોલમાં સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ટાઉન હોલની આવશ્યકતા છે.અગાઉ વર્ષા બનેલ ટાઉનહોલ જીર્ણ અવસ્થામાં પુરતી સગવડોનો અભાવ જણાય છે.

કલોલની આર્થિક પગભર કરવામાં કલોલની માર્કેટયાર્ડમાં સ્થાન આગવું છે. માર્કેટયાર્ડ કલોલ તાલુકાના ગામડાઓનો સેતુ છે. જ્યાં તાલુકા-જિલ્લાનું રાજકીય મહાનુભાવોનો અનુભવ પણ મળે તેમ છે.

કલોલ આઝાદીની લડત, મહાગુજરાત તથા નવનિર્માણની લડતમાં મોટુ યોગદાન આપેલ છે.

કલોલમાં મળતી આરોગ્ય સેવાઓ તાલુકાના ગામડાઓ માટે જીવનદાન જેવી છે. કલોલમાં મોટાભાગની તમામ પ્રકારની આરોગ્ય સેવાઓ મળી રહે છે.

આવતા દશકામાં કલોલએ અમદાવાદ ગાંધીનગરની લીંકસીટી બનશે તેમ જણાય છે.

## પાનસરમાં વરલી-મટકાનો જુગાર રમાડતા એક ઝડપાયો

### જુગારનું સાહિત્ય કબ્જે લઈ પોલીસે ઝુલાસણનાં શખ્સની ધરપકડ કરી

કલોલ, તા.૧૭

કલોલ તાલુકા વિસ્તારમાં આવેલા પાનસર ગામમાં ખુલ્લેઆમ વરલી-મટકાનો જુગાર એક શખ્સ રમાડી રહ્યો હોવાની બાતમીને આધારે કલોલ તાલુકા પોલીસે દરોડો પાડી ઝુલાસણ ગામના શખ્સને રંગે હાથ ઝડપી પાડયો હતો. કલોલ તાલુકા પોલીસે તેની ધરપકડ કરી વરલી-મટકાના જુગારના સાહિત્ય મળી રૂ. ૧૪૯૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કલોલના ઝુલાસણ ગામમાં રહેતો રાવલ નવિન રમેશભાઈ કલોલના પાનસર ગામે જુગાર રમી-રમાડી રહ્યો હોવાની બાતમી કલોલ તાલુકા પોલીસને મળી હતી. પી.આઈ. પી.ઓ. ભટ્ટની સુચનાથી કલોલ તાલુકા પોલીસ સ્ટેશનની ટીમે બાતમીવાળા સ્થળે દરોડો પાડી નવિન રાવલ નામના શખ્સને ઝડપી લીધો હતો. પોલીસે તેની પાસેથી રૂ. ૯૯૦ રોકડા તથા જુગારનું સાહિત્ય અને મોબાઈલ મળીને કુલ રૂ. ૧૪૯ની કિંમતનો મુદ્દામાલ કબ્જે લઈ તેના વિરૂધ્ધમાં ગુનો દાખલ કરી ધરપકડ બાદ ધોરણસરની કાર્યવાહી આરંભી છે.



ભારે વરસાદની આશા સેવાઈ રહી છે ત્યારે ગત અઠવાડિયે ભારે વરસાદ બાદ શ્રાવણ મહિનાનાં અંતિમ દિવસે કલોલમાં આશરે પાંચ મી.મી. જેટલો વરસાદ પડ્યો હતો. જેના લીધે લોકોમાં અત્યંત આનંદની લાગણી છવાઈ ગઈ હતી. તદ્ઉપરાંત વરસાદને લીધે કપિલેશ્વર મંદિર પાસે યોજાતાં પરંપરાગત લોકમેળામાં સહેલાણીઓ માટે વરસાદી ખુશ્નુમા વાતાવરણને લીધે વધારે ઉન્માદ જોવા મળ્યો હતો. (તસવીર : વિપુલ ચૌહાણ, કલોલ)

## દહેજની માંગણી કરનાર સાસરીયાઓ સામે ફરીયાદ

કલોલ, તા. ૧૭

અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારમાં રહેતી ૩૩ વર્ષિય પરિણીતા કિરણબેનની પાસેથી તેમના પતિ સહિતના સાસરીયાઓ વારંવાર દહેજ માંગણી કરી શારીરિક માનસિક ત્રાસ પણ આપતા હોવાની ફરીયાદ કિરણબેને કલોલ શહેર પોલીસમથકે નોંધાવી હતી. પી.એસ.આઈ. એ.જે. પટેલે પરિણીતાની ફરિયાદને આધારે આનંદ પાર્કમાં રહેતા પુનિશચંદ્ર પ્રજાપતિ, શકુંતલાબેન પ્રજાપતિ, જયદેવ પ્રજાપતિ તથા કોઠા ગામના સ્વાતીબેન ભરતભાઈ પ્રજાપતિ, શંકર તથા ઈશ્વર પ્રજાપતિ વિરૂદ્ધ દહેજ પ્રતિબંધક ધારા તથા શારીરિક માનસિક ત્રાસ આપતો ગુનો નોંધી સઘન કાર્યવાહી શરૂ કરી છે.

## ગોલથરાની પરિણીતાએ ઉંદર મારવાની ઝેરી દવા ગટગટાવી

જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં આવેલા ગોલથરા ગામની પરિણીતાએ ગત રાત્રીએ પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર ઉંદર મારવાની ઝેરી દવા ગટગટાવી લેતા ચકચાર મચી જવા પામી છે. પરિણીતાએ કયા કારણોસર આપઘાતનો પ્રયાસ કર્યોતે બાબત હજુ સુધી બહાર આવવા પામી નથી. જો કે ગંભીર હાલતમાં તેણીને તાત્કાલિક સારવાર અર્થે માણસા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

## સંતશ્રી ભોજલરામ મંદિરનો ૧૨મો પાટોત્સવ ૧૯મીએ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૭

સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ ભવન ગાંધીનગરના પરિસરમાં સ્થાપિત સંતશ્રી ભોજલરામ મંદિરનો ૧૨મો પાટોત્સવ તથા સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્રમંડળ ગાંધીનગર દ્વારા સમાજના સભ્ય પરિવારના તેજસ્વી તારલાઓને નવાજવા માટેનો ૨૪મો વિદ્યાપુરસ્કાર વિતરણ સમારંભ તા. ૧૯મી ઓગષ્ટ-૨૦૧૨ને રવિવારે સવારે ૯ થી સાંજે ૬ કલાક દરમિયાન યોજાશે. પાટોત્સવ વિધિ સવારે ૯ થી ૧૧ દરમિયાન નિલકંઠ ફૂલશંકર શાસ્ત્રી દ્વારા ભોજલરામ મંદિર સેકટર-૭ ગાંધીનગર ખાતે તથા ઈનામ વિતરણ સમારંભ બપોરે ૨.૩૦ થી સાંજે ૬.૩૦ કલાક દરમિયાન ટાઉનહોલ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે પૂર્વ કૃષિ મંત્રી ધીરૂભાઈ દૂધવાળા સ્વામી પુરૂષોત્તમ ચરણદાસ અને રામજીભાઈ શામજીભાઈ ઈટાળીયાના મુખ્ય મહેમાન પદે યોજાશે.

## આજે દંડી સ્વામીની વ્યાસ પીઠે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગરના સેક્ટર-૪-એમાં આવેલા પ્લોટ નં. ૯૦/૨ ખાતે આજે તા. ૧૮મી ઓગષ્ટને રાત્રે ૮.૩૦ થી ૧૧ કલાક દરમિયાન પૂ. સંત દંડીસ્વામીની વ્યાસપીઠે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે. જેનો ભક્તજનોને લાભ લેવા આયોજકો દ્વારા ખાસ જણાવાયું છે.

## જલારામ સેવા સમાજનો ૧૯મીએ વિદ્યા પુરસ્કાર સમારોહ યોજાશે

જલારામ સેવા સમાજ દ્વારા જલારામ ધામ, સેકટર-૨૯ ગાંધીનગર ખાતે સમાજના ધોરણ-૧ થી ૧૨ અને સ્નાતક-અનુસ્નાતક કક્ષાના તેજસ્વી છાત્ર-છાત્રાઓની અપરિમેય અભ્યાસ સાધનાને બિરદાવવાનો વિદ્યા પુરસ્કાર સમારોહ ૧૯મી ઓગષ્ટ ૨૦૧૨ને રવિવારે બપોરે ૩.૩૦ કલાકે વેદાંતાચાર્ય ફુલશંકર શાસ્ત્રીજી, મુખ્ય મહેમાન જયસિંહ ચૌહાણ અતિથિ વિશેષ ભગવાનભાઈ ઠકકર, શંભુજી ઠાકોરની ઉપસ્થિતિમાં યોજાશે.

## છોત્તેર ગોળ દરજી કેળવણી મંડળનું ૧૯મીએ અધિવેશન યોજાશે

શ્રી છોત્તેર ગોળ દરજી કેળવણી મંડળનું બીજા વર્ષનું આગામી અધિવેશન તા. ૧૯ ઓગષ્ટ-૨૦૧૨ને રવિવારે સવારે ૯.૦૦ કલાકે રામવાડી સ્ટેશન રોડ, ગોજારીયા, તા. જી. મહેસાણા મુકામે યોજાશે. સર્વ જ્ઞાતિ બંધુઓને ઉપસ્થિત રહેવા ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યુ છે. અધિવેશનમાં ગોજારીયા ગામનાં સમારંભના પ્રમુખ તરીકે જશુભાઈ અંબાલાલ દરજી, મુખ્ય મહેમાન તરીકે રાજુભાઈ મફતભાઈ દરજી, સ્વાગત પ્રમુખ તરીકે નારણદાસ ગોરધનદાસ દરજી, અતિથિ વિશેષ તરીકે બાબુભાઈ, રતિલાલ, કનુભાઈ, સુરેશભાઈ, ચંદ્રકાન્તભાઈ ઉપસ્થિત રહેશે. પ્રથમ દીપ પ્રાગટ્ય, પ્રાર્થના, શ્રદ્ધાંજલિ, સ્વાગત તથા પરિચય, સન્માન, મહેમાનનો પ્રવચન, બીજા વર્ષની સામાન્ય સભા તથા બે વર્ષના હિસાબ મંજૂર કરવા, ૮૦ વર્ષથી ઉપરના વડીલોનું સાલથી સન્માન કરવું તેમજ આગામી વર્ષ માટે હોદ્દેદારો તથા કારોબારી સમિતિ સભ્યોની વરણી કરવી તેમજ છેલ્લે પ્રમુખ કનુભાઈ એસ. દરજી અને મંત્રી ગોવિંદભાઈ દરજી પ્રવચન કરશે અને છેલ્લે આભારદર્શન કરવામાં આવશે.

## શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર અને કોબા ખાતે આવતીકાલે ધાર્મિક પ્રવચન

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા ખાતે તા. ૧૯મી ઓકટોબર ૨૦૧૨ને રવિવારે શિક્ષાપ્રદ શિબિરની પ્રવચન શૃંખલા અંતર્ગત આચાર્ય શ્રી પદ્મસાગર સુરિશ્વરજી મહારાજ સાહેબનું બપોરે ૩.૩૦થી ૫ કલાક દરમિયાન 'ધાર્મિક ક્રિયાઓનું મહત્વ' વિષય પર પ્રેરણાદાયી પ્રવચન તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર સેકટર-૨૨ ખાતે મુનિવર રત્નબાધિ મહારાજ સાહેબનું સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન દુષ્કૃતગર્હા વિષય પર પ્રેરણાદાયી પ્રવચન યોજાશે.

## લિફ્ટ મુકવા નિર્ણય...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાબરમતી નદીને ધ્યાને રાખી આ મંદિર નજીક પ્રોટેક્શન વોલ બનાવવા અંગેનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. આ માટેના ટેન્ડરો ટૂંકમાં જ જારી કરી દેવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે આ બેઠકમાં વાસણ અને ઉવારસદ ગામે રૂ. ૧૬ લાખના ખર્ચે બે કોમ્યુનિટી હોલ બાંધવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

શ્રી રાઠોડે જણાવ્યુ હતુ કે વિકાસના કામોને મંજૂરી આપવામાં આવી છે. તેમણે કહ્યુ હતુ કે જિલ્લામાં વિકાસના કામોમાં કોઈપણ પ્રકારનો વિલંબ સાંખી લેવામાં આવશે નહિ. તેમણે જણાવ્યુ હતુ કે પંચાયતના મુલાકાતીઓ તેમજ યાત્રાધામોના વિકાસના કામોને અગ્રતા આપી આ નિર્ણયો લેવામાં આવ્યા છે.

## શબ્દાવલી - ૪૮૧૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ■ | ૪ | |
| ૫ | | ■ | ૬ | | | | ■ |
| ૭ | | ■ | | ■ | ■ | ૮ | ૯ |
| | ■ | ૧૦ | | | ■ | ૧૧ | |
| ૧૨ | | | | ■ | ૧૩ | ■ | ■ |
| ■ | ■ | | ■ | ૧૪ | | | ૧૫ |
| ૧૬ | | | ૧૭ | | | ■ | |
| | ■ | ૧૮ | | | ■ | ૧૯ | |

**આડી ચાવી**

૧. રીસેશ, ઈન્ટરવલ (૩)
૪. પ્રતિજ્ઞા, નિયમ (૨)
૫. પગથિયાંવાળો કુવો (૨)
૬. એક ઔષધીના લાલ બીયા (૪)
૭. જકાત, કર (૨)
૮. સાધુ, સન્યાસી (૨)
૧૦. સહેલુ, સરળ (૩)
૧૧. પુરૂષ, માદાનું વિરોધી (૨)
૧૨. દરવાજે ઉભો રહી ઘરની રક્ષા કરનાર (૪)
૧૪. રીપેરીંગ કામ કરવું (૪)
૧૬. વેદ અને શાસ્ત્ર (૬)
૧૮. દ્દષ્ટિ (૩)
૧૯. વજન, બોજો (૨)

**ઊભી ચાવી**

૧. વિવાદ કરાવે તેવું (૫)
૨. વિભીષણનો મોટો ભાઈ, લંકેશ (૩)
૩. ગરાશ જેવો એક પોશાક (૨)
૪. હેતુ, ઉદ્દેશ (૪)
૬. મૃત્યુ, મરણ (૪)
૯. બાણ, શર (૨)
૧૦. આવવું અને જવું તે (૫)
૧૩. હર... અપના કરેંગે અય વતન તેરે લીયે... (૩)
૧૪. એક હિંસક જશચર (૩)
૧૫. ચક્કર, અંધારા આવવા (૩)
૧૬. ભમરો, ભ્રમર (૨)
૧૭. પોતાનું (૨)

### શબ્દાવલી ૪૮૧૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઉપયોગ (૫) જજ (૬) જ્ઞાન (૮) કાનન (૧૦) વિપરિત (૧૨) રફ (૧૩) વેરાન (૧૪) રઘવાટ (૧૬) પાતી (૧૭) વિતરણ (૧૮) ધરા (૧૯) રાયણ (૨૦) પશ્ચિમ (૨૧) કારણ

**ઊભી ચાવી :-** (૧) ઉપકાર (૨) યોજન (૩) ગજ (૪) વિજ્ઞાપન (૭) નરી (૯) નફરત (૧૦) વિરાટ (૧૧) તકતી (૧૩) વેવાણ (૧૫) ઘરકામ (૧૬) પારાયણ (૧૭) વિલાપ (૧૮) ધરાર

## પાણી વિતરણના મુદ્દે

● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રી શંકરભાઈ ચૌધરી આજની બેઠકમાં ગેરહાજર રહ્યા હતા.

બેઠકમાં એજન્ડા પર પણ પાણીનો મુદ્દો આવતાં જ ભાજપના શ્રી આશિષ દવેએ ઉભા થઈ પ્રસ્તાવ મુલ્તવી રાખવાનો ઉગ્ર વિરોધ કર્યો હતો. શ્રી દવેએ તેમના ટુંકા આક્રમક પ્રવચનમાં સત્તા સંભાળવાની સક્ષમતા ના હોય તો રાજીનામુ આપી અને સરકારને વિસર્જન કરવાનો માર્ગ મોકળો કરી આપો તેવો પડકાર ફેંક્યો હતો.

આ ઉચ્ચારણોથી કોંગ્રેસ પક્ષના શ્રી પ્રવિણ પટેલ, શ્રી ચીમન વિંઝુડા, શ્રી અશ્વિન વ્યાસ, શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, શ્રી હર્ષજીત પંડ્યા સહિતના સભ્યો અકળાઈ ઉઠ્યા હતા. શ્રી પ્રવિણ પટેલે જણાવ્યું કે સરકાર પણ સક્ષમ નથી અને એટલે જ પુરતા ફોર્સથી પાણી આપવામાં નિષ્ફળ નિવડી છે અને હવે પોતાની નિષ્ફળતા છુપાવવા કોર્પોરેશનને કોઈપણ પ્રકારની સહાય વિના આ તાજ પહેરાવવા નીકળી છે.

ભાજપના શ્રી આશિષ દવેએ કોંગ્રેસ પક્ષ પર આક્ષેપોનો મારો ચલાવતાં જણાવ્યું હતું કે નેતાગીરીનો નિર્ણય દેશ લૂંટો અને કોર્પોરેશનનો નિર્ણય ગાંધીનગર લૂંટો... તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે સફાઈની સેવા પણ સંભાળી શકતા નથી અને સત્તા માંગવા નીકળ્યા તો સરકાર આપે છે તે લેવુ નથી માત્ર મલાઈદાર વિભાગો જ જોઈએ છે.

શ્રી દવેએ ઉગ્ર રોષ સાથે જણાવ્યુ હતુ કે સરકારે આ વર્ષે જ કોર્પોરેશનને ૬૦ કરોડથી વધુ આવકના સાધનો આપ્યા છે એમાંથી ૧૭ કરોડનો ખર્ચ કરવામાં આટલી બધી શરમ શાની આવે છે? લોકોની સાચી સેવા કરો સેવા, સાદગી એ તો સ્થાનિક સ્વરાજ્યના મૂળ મંત્રો છે.

ભાજપના શ્રી આશિષ દવેએ કરેલા ઉગ્ર આક્ષેપોનો જવાબ મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ પણ આક્રોશપૂર્ણ જ આપ્યો હતો. તેમણે જણાવ્યુ કે મંત્રથી કોર્પોરેશન પાણી પુરૂ પાડશે. યંત્રો ચલાવવા સ્ટાફ આપવો જોઈએ. સમજૂતી કરાર કરવા પડે, તેમણે જણાવ્યું કે પત્ર મળ્યા પછી અમે શહેરી વિકાસ વિભાગ અને માર્ગ-મકાનના સચિવોને મળ્યા છીએ પણ તેમણે સ્ટાફ આપવાની સ્પષ્ટ ના કહી છે. અમે આ સેવાઓ સંભાળવા તૈયાર છીએ. પણ એન બ્લોક સેવાઓ આપો. કોર્પોરેશનની રચના કરી ત્યારે નોટીફાઈડના કર્મચારીઓ કોર્પોરેશનને ફાળવ્યા જ છે.

તેમણે જણાવ્યું કે જે કોઈ ટેકનીકલ સ્ટાફ ફાળવે તેના પગારની જવાબદારી લેવાની પણ તૈયારી પછી અધિકારીઓએ નનૈયો ભણ્યો એ બતાવે છે કે સરકારની દાનત ખોરા ટોપરા જેવી છે.

દરમ્યાન કોંગ્રેસના પ્રવક્તા શ્રી અશ્વિન વ્યાસે જણાવ્યું છે કે આજરોજ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં પાણીની સંપૂર્ણ વ્યવસ્થા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંભાળી લેવા બાબતની ચર્ચા તેમજ નિર્ણય માટે મહાનગરપાલિકાની સામાન્ય સભામાં પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. પરંતુ પરાજયથી હતપ્રભ ભાજપે આડેધડ આક્ષેપો કરવા સિવાય કોઈ રચનાત્મક ઉકેલ નથી. સુચનો અને રચનાત્મક વિપક્ષની ભૂમિકા ભજવવામાં નિષ્ફળ ગયું છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભામાં અધ્યક્ષ સ્થાનેથી મેયરશ્રી, મહેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતુ કે સભાનું સંચાલન બી.પી.એમ.સી. એક્ટ થતુ હોય છે. જે અનુસંધાનમાં જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

વધુમાં મેયરશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત સરકારશ્રી દ્વારા સમગ્ર સત્તાઓ તથા જરૂરી ગ્રાન્ટ આપવા, પાણી માટે જરૂરી ગ્રાન્ટ અને મહેકમ સાથે આપવામાં આવે તો મહાનગરપાલિકા જવાબદારી સંભાળવા માટે તૈયાર છે. તેમ છતાં માત્ર રાજકીય કીન્નાખોરી રાખી માત્ર પાણી વિતરણ જેવી ખર્ચાળ વ્યવસ્થા સંભાળી લેવા સરકારશ્રી દ્વારા પરીપત્ર કરાયો છે. પંરતુ પરીપત્રમાં ગ્રાન્ટ, ટેકનીકલ માણસો કે મહેકમ આપવા અંગે કોઈ જ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

વધુમાં આ મેટર પણ સબજ્યુડીશીયલ હોવાથી હાલ આ અંગે કોઈ નિર્ણય ના લેતાં હાલ પુરતુ મુલ્તવી રાખેલ છે. જે અંગે સરકારશ્રી સાથે પરામર્શ કરી, આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું છે.


